# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS


India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | SEPTEMBER 2023 | NO: 07

## પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**

ગીતશાસ્ત્ર ૧૦૧:૧-૮

૧. કૃપા તથા ન્યાય વિશે હું ગાયન કરીશ; હે યહોવા; હુ મારી જ સ્તુતિ કરીશ.

૨. હું સીધા માર્ગનું ધ્યાન કરીશ; તું મારી પાસે ક્યારે આવીશ? હું ખરા અંતઃકરણથી મારા ઘરમાં વર્તીશ.

૩. હું કંઈ અધમ વસ્તુ મારી દ્રષ્ટિમાં રાખીશ નહિ; પાછા હઠનારાના કામથી હું કંટાળું છું; તેમની કંઈ અસર મને થશે નહિ.

૪. આડું હૃદય મારાથી વેગળું થશે; હું કોઈ દુષ્ટની ઓળખાણ રાખીશ નહિ.

૫. જે કોઈ પોતાના પડોશીની છાની ચાડી કરે છે, તેને હું કાપી નાખીશ; જેની દ્રષ્ટિ મગરૂર અને જેનું હૃદય ગર્વિષ્ઠ છે, તેનું હું સહન કરીશ નહિ.

૬. દેશમાંના વિશ્વાસુઓ મારી પાસે વાસો કરે તે માટે હું તેઓ પર રહેમનજર રાખીશ; સીધા માર્ગમાં ચાલનાર મારી સેવા કરશે.

૭. કપટ કરનાર મારા ઘરમાં રહી શકશે નહિ; જૂઠું બોલનાર મારી દ્રષ્ટિ આગળ ટકશે નહિ.

૮. સઘળા ભૂંડું કરનારાઓને યહોવાના નગરમાંથી કાપી નાખવાને હું દેશમાંના સર્વ દુષ્ટોનો દરરોજ નાશ કરીશ.



# બીશ મા

FEAR NOT! **યશાયા ૪૧:૧૦**

## સંદેશો જે તમારો વિશ્વાસ વધારશે! આતુરતાથી વાંચો!!

*પાળક એસ. સામ સેલ્વરાજ*

કેટલાક લોકો કહેતા રહે છે, ''હું દરરોજ સવારે ઉઠું છું ત્યારે એવી સમસ્યાઓનો સામનો કરું છું કે જેને વર્ણવી શકાય એમ નથી''. તે છે - શારીરીક અને ભાવનાત્મક અને કૌટુંબિક સમસ્યાઓ. ઘણા લોકો મુશ્કેલી પછી મુશ્કેલીથી પીડાતા રહે છે અને તેઓ ચિંતા કરે છે. ઘણી વાર, તેઓ કહેતા હોય છે, ''આ મારાથી સહન થાય તે કરતા વધુ છે. મારી મુશ્કેલીઓ મને હરાવવા વધતી જ રહે છે! આ મુશ્કેલીઓ સામે લડવા માટે મારામાં હવે વધુ તાકાત નથી. હું કેવી રીતે ક્યોરેય તે કરી શકીશ?'' આ આજે કદાચ તમારો અનુભવ હોઈ શકે છે!

અમારી મિનિસ્ટ્રીને સંતો તરફથી ઘણા પત્રો મળતા હતા, જેઓ દરરોજ અત્યંત મુશ્કેલ પરિસ્થિતીઓમાંથી પસાર થતા હતા. થોડાક દિવસો પહેલા, આ પત્રોમાંના કેટલાકને વાંચવામાં મેં અડધા દિવસનો સમય વિતાવ્યો હતો.

એક ધાર્મિક સ્ત્રીએ જણાવ્યું હતું કે, ''મારા લગ્નને ૩૫ વર્ષો થઈ ગયા છે, અને હવે હું દાદી છું. પણ હવે મારા કુટુંબનો મારા પતિ દ્વારા નાશ કરવામાં આવી રહ્યો છે. તે એક ઈશ્વરનો અભિષિક્ત માણસ હતો અને ઘણી વાર પ્રભુએ તેનો ઉપયોગ ક્ર્યો હતો. તેનામાંનો અગ્નિ હવે

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીજ કોલ

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**


દરરોજ - સવારે ૫.૦૦ વાગે

**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





**"છેક નાનામાંથી હજાર થશે, ને જે નાનકડો છે તે બળવાન પ્રજા થશે; હું યહોવા ઠરાવેલે સમયે તે જલદી કરીશ."**
**- યશાયા ૬૦:૨૨**

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**

Bro. N. Prakasam, M.A., General Manager
Dr. Rabinder Boaz, M.S.
Bro. K. Puratchivendan

**EDITORIAL BOARD**

Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Dr. A. Richard Samuel, M.A., Ph.D.
Rev. Dr. K.R. Rajasekaran

**EDITOR, PUBLISHER & PRINTER**



Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**

Echo of His Call


પ્રભુમાં પ્રિય વહાલાઓ!

અમે આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના નામમાં તમને સલામ પાઠવીએ છીએ.

અમે આશા રાખીએ છીએ કે તમે સારું કરી રહ્યા છો. અમે દરરોજ તમારા માટે પ્રાર્થના કરીએ છીએ. જ્યારે ઈશ્વર તમારી સાથે છે, ત્યારે સારી હિંમત રાખો.

પ્રભુનો સામર્થ્યવાન હાથ અમારા હાલના પ્રવાસોમાં અમારી મિનિસ્ટ્રીના ઉપલક્ષ્યમાં અને અમારા સર્વ પ્રયાસોમાં અને પ્રવૃતિઓમાં અમને દોરવણી આપી રહ્યો છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત દિવસરાત ઊંઘ્યા વગર અમારી સાથે રહ્યા હતા. સ્વર્ગીય પિતા તમને પણ ભરપૂર આશીર્વાદ આપો.

ત્યાં અમારી મિનિસ્ટ્રીમાં ઘણા ઈશ્વરના સેવકો છે અને તેમના કુટુંબોમાં ઘણા માંદા છે. આને લીધે, કમનસીબે, તેઓને તેમની જવાબદારીઓ સંપૂર્ણપણે પાર પાડવામાં તેમને અવરોધ થઈ રહ્યો છે. અમે આને માટે તમારી નિષ્ઠાવંત પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ. આ ઘણું તત્કીદનું અને મહત્વનું છે.

દુ:ખદ રીતે અમારા ધ્યાનમાં આવ્યું છે કે તમારામાં ઘણા અમારું માસિક સામયિક **ઈકો ઓફ હીજ કોલ** પ્રાપ્ત નથી કરી રહ્યા, જે અમે ઘણી મહેનત સાથે તમને દર મહીને મોકલીએ છીએ.

અમે શું થઈ રહ્યું છે તે શોધવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છીએ, કેમ કે અમારા સમાચારપત્રોની ઘણી બધી નકલો એ કારણો બતાવતા અમારી પાસે પાછી આવી રહી છે, જેમ કે **દરવાજાને તાળું હતું, બીજે રહેવા જતા રહ્યા છે, હયાત નથી અને લેવા નકાર કર્યો હતો.** પાછળથી અમે શોધ્યું કે આમાનાં થોડાક કારણો ખોટો છે. પ્રિય વહાલાઓ, અમે કોઈ પણ રીતે તમારી સંગત ગુમાવવા માગતા નથી, કેમ કે તમે અમારા માટે ખાસ છો! તેથી જો તમે કે તમારા મિત્રો અમારા સમાચારપત્ર, **ઈકો ઓફ હીજ કોલ કોઈ** ખાસ તારીખે મેળવતા નથી. તો અમને કૃપા કરીને પત્રો, ઈમેલ, વોટસઅપ, એસએમએસ કે ફોન કરીને જણાવો. જો તમારું સરનામું બદલાયું હોય તો કૃપા કરીને તમારું જૂનૂં અને નવું સરનામું જણાવો, જેથી અમે **ઈકો ઓફ હીજ કોલ**ની નકલો તમને ફરીથી યોગ્ય રીતે મોકલી શકીએ. સાથે સાથે તમારું ઈમેલ સરનામું પણ મોકલશો. ઈશ્વર તમને આશીર્વાદિત કરો!

અમે અમારું માસિક સમાચારપત્ર, **ઈકો ઓફ હીજ કોલ** પોસ્ટ મારફતે અને ઈમેલ મારફતે, ૧૬ ભાષાઓમાં નીચે પ્રમાણેની નિયત તારીખોએ અમારા સાથી કાર્યકરોની સખત મહેનત દ્વારા મોકલીએ છીએ :

| | | | |
|---|---|---|---|
| ૧. | તામિલ | - | પાછલા મહિનાની ૨૮મી તરીખે |
| ૨. | અંગ્રેજી | - | દર મહિનાની ૨જી તારીખે |
| ૩. | સિંહાલા | - | દર મહિનાની ૨જી તારીખે |
| ૪. | આફ્રિકન્સ | - | દર મહિનાની ૪થી તારીખે |
| ૫. | મલયાલમ | - | દર મહિનાની ૪થી તારીખે |
| ૬. | તેલગુ | - | દર મહિનાની ૬ઠ્ઠી તારીખે |
| ૭. | હિન્દી | - | દર મહિનાની ૯મી તારીખે |
| ૮. | કન્નડા | - | દર મહિનાની ૧૦મી તારીખે |

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ◘ BIBLECOR - Postal Courses (3 languages) ◘ Media Ministry ◘ Online Courses ◘ Theological Correspondence Courses (2 languages) ◘ Church Planting ◘ Nehemiah Bible Colleges ◘ Gospel Printing Press ◘ Great Commission Partners ◘ St. Paul's Matriculation School ◘ Crusades ◘ Community Development

| | | | |
|---|---|---|---|
| ૯. | મરાઠી | – | દર મહિનાની ૧૨મી તારીખે |
| ૧૦. | આસામી | – | દર મહિનાની ૧૨મી તારીખે |
| ૧૧. | બંગાલી | – | દર મહિનાની ૧૪મી તારીખે |
| ૧૨. | ઉર્દુ | – | દર મહિનાની ૧૪મી તારીખે |
| ૧૩. | નેપાળી | – | દર મહિનાની ૧૬મી તારીખે |
| ૧૪. | ગુજરાતી | – | દર મહિનાની ૧૬મી તારીખે |
| ૧૫. | ઓડીસા | – | દર મહિનાની ૧૮મી તારીખે |
| ૧૬. | પંજાબી | – | દર મહિનાની ૨૦મી તારીખે |

અમે અમારી વેબસાઈટ www.echoofhiscall.org પર તે તે નિયત તારીખોએ આ સમાચારપત્રોને અપલોડ પણ કરીએ છીએ. તેથી કૃપા કરીને આ વિકલ્પનો પણ ઉપયોગ કરશો. ત્યાં ૭૫ કર્મચારીઓ છે, જેઓ આ સમાચારપત્ર તમને મળે તે માટે સખત મહેનત કરે છે. **ઈકો ઓફ હીજ કોલ**નો સંદેશો પ્રથમ અંગ્રેજી ભાષામાં લખવામાં આવે છે, પછી તેનો બીજી ૧૫ ભાષાઓમાં આપણા તે તે ભાષાઓના સહસંપાદકો દ્વારા અનુવાદ કરવામાં આવે છે, અને પછી તે ટાઈપ કરવામાં આવે છે અને **ઈકો ઓફ હીજ કોલ**ના નમૂના મૂજબ તેના પૃષ્ઠ ક્રમાંકિત કરવામાં આવે છે.



પૃષ્ઠ ક્રમાંકિત સમાચારપત્રો અમારા છાપખાના દ્વારા છાપવામાં આવે છે, હાથેથી તેની ઘડી કરવામાં આવે છે, વિસ્તાર પ્રમાણે અને રાજ્ય પ્રમાણે તેમને અલગ કરવામાં આવે છે, તેના ગઠ્ઠા બાંધવામાં આવે છે, વાહનોમાં મૂકવામાં આવે છે અને ટપાલોની નિયમાવલીઓ અનુસાર ટપાલ કર્મચારીઓના હાથોમાં સોંપવામાં આવે છે, તે તે નિયત તારીખોએ. આ મિનિસ્ટ્રીમાં સંકાળાયેલા ૭૫ કર્મચારીઓનો કૃપા કરીને વિચાર કરો! કેમ કે આ સમાચારપત્ર દુનિયાભરના અસંખ્ય લોકોનાં જીવનોને સ્પર્શ કરે છે, કોઈ પણ ભાષામા, સંસ્કૃતિના અને દેશોના, તેથી શેતાન અમારા કર્મચારીઓ પર લક્ષ આપે છે અને તેમને આત્મિક યુધ્ધોમાં હેરાન કરે છે, શું તમે તેમને માટે પ્રાર્થના કરશો?

કૃપા કરીને તમારા હૃદયમાં આ મિનિસ્ટ્રીનો ભાગ બનવાનો કોઈ માર્ગ શોધવા માટે વિચાર કરશો.

અમને પ્રાર્થના ભાગીદારોની જરૂર છે, જેઓ અમારા માટે પ્રાર્થના કરે અને માનદ કો–ઓર્ડીનેટરો માટે, જેઓ આ સમાચારપત્ર તેમની પોતાની ભાષાઓમાં વાંચી શકે અને અમને સૂચનો અને વિચારો આપી શકે, જેથી અમે આ સમાચારપત્રોમાં દર મહિને સુધારા કરી શકીએ. અમે આ પ્રકાશન મિનિસ્ટ્રીને વધુ અસરકારક બનાવવા ઈચ્છીએ છીએ.

અમે આતુરતાથી તમારા પ્રતિસાદની રાહ જોઈ રહ્યા છીએ અને ઘણી ધીરજથી અમારી સંપાદિકીય કોલમને વાંચવા બદલ તમારો ફરીથી આભાર માનીએ છીએ.

ઈશ્વરની શાંતિ તમ સર્વની સાથે હો! આમીન.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858 / 98410 71858,
E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧થી આગળ...)

હોલવાઈ ગયો છે. કૃપા કરીને તેને માટે અને મારા કુટુંબને માટે પ્રાર્થના કરશો. તેને મારા માટે હવે પ્રેમ રહ્યો નથી અને હું ખુબ જ દુઃખી છું.''

આ સ્ત્રીના જીવન પર એક અંધકારનો માહોલ છવાઈ ગયો હતો. તેમ છતાં, તેણી તેને પ્રેમ કરતી હતી અને ઈચ્છતી હતી કે તે તેના દુષ્ટ માર્ગોમાંથી બહાર આવે અને ઈશ્વરને સ્વીકાર્ય એવું જીવન જીવે. પણ તેણી તેણીની બધી લાગણીઓથી સૂકાઈ ગઈ હતી અને એક માંદી સ્ત્રી થઈ ગઈ હતી. તેણીને વારંવાર આશ્ચર્ય થતું કે, ''હે ઈશ્વર, આ મને ખલાસ કરી નાખશે. મને નથી લાગતું કે હવે હું આ દુઃખો વધારે સહન કરી શકું. હું આગળ કેવી રીતે જીવી શકીશ?''

એક બીજી સ્ત્રીએ જણાવ્યું હતું. ''હું સાત વર્ષ કરતાં વધુ સમયથી આંતરડાની ભયાનક સમસ્યા સાથે જીવી રહી છું. મારા પતિની તબિયત પણ ખરાબ છે. અમારી આર્થિક સ્થિતિ ભયાનક છે, જો કે અમે ક્યારે પણ વ્યર્થ બાબતો પર અમારા નાણાં ખર્ચા નથી અને હવે મારા ૮૯ વર્ષના પિતા કેન્સરથી પીડાઈ રહ્યા છે. અમે તમને અમારા માટે પ્રાર્થના કરવાની વિનંતી કરીએ છીએ.

દરરોજ આ સ્ત્રીએ પીડિત પિતા, માંદા પતિ, પ્રતિકાર ન થાય એવી પીડા અને નાણાકીય દુઃસ્વપ્નોનો સામનો કરવો પડે છે. મને આશ્ચર્ય થાય છે કે તેણી કેટલી વાર પોકારી ઊઠી હશે, ''પ્રભુ, આ શત્રુઓ મારા કરતા ઘણા વધુ તાકાતવાર છે. કેવી રીતે મારા જેવી એક નબળી, અસહાય વ્યક્તિ આ સહન કરી શકે? અમે કેવી રીતે આગળ ચલાવીશું?''

એક પાળકે લખ્યુંઃ ગયા જુલાઈમાં મેં મારા પ્રોસ્ટેટ ગ્રંથી પર આમૂલ શસ્ત્રક્રિયા કરાવી હતી, જે કેન્સરથી ભરેલું હતું. ડોક્ટરોએ તેની આજુબાજુની પેશીઓ પણ કાઢી નાખી હતી, અને જીવન મુશ્કેલ બનાવ્યું હતું. હવે મને મધુમેહ અને પેટનું અલ્સર પણ છે. શું તમે મહેરબાની કરીને મારા માટે પ્રાર્થના કરશો?''

કેટલા કદાવર શત્રુઓનો આ માણસ દરરોજ સામનો કરી રહ્યો છે! તે એ ભયમાં જીવી રહ્યો છે કે તેની અંદર થોડું કેન્સર હજુ રહી જશે. અને તેને મધુમેહની સામે અને અલ્સરવાળા પેટની સામે પણ લડવાનું છે. મને આશ્ચર્ય થાય છે કે તેણે કેટલી બધી વાર પૂછ્યુ હશે, ''હું આનો સામનો કેવી રીતે કરી શકીશ? હું તેને લીધે ક્યારે કેવી રીતે જીવી શકીશ?''

પ્રભુમાં એક વડીલ બહેને લખ્યુંઃ ''આ માર્ચ મહિનામાં હું ૮૧ વર્ષની થઈશ અને મને સંધિવા અને મધુમેહ છે. મારી પીઠ અને પગો નબળા થઈ ગયા છે અને હું ભાગ્યે જ ચાલી શકુ છું. કેમ કે હું એકલી રહું છું, મારે મારા ઘરનું સઘળું કામ કરવું પડે છે. મારી પાસે વધુ નાણાં નથી કે કોઈ સગાઓ પણ નથી. કૃપા કરીને મારે માટે પ્રાર્થના કરશો.''

હું જોઈ શકું છું કે આ પીડાથી ભરેલી

સ્ત્રી દરરોજ સવારે ઉઠવામાં મહેનત કરી રહી છે, ખોરાક બનાવવામાં અને તેણીનું ઘર વ્યવસ્થિત રાખવામાં સંઘર્ષ કરી રહી છે – કોઈની પણ મદદ વગર. તેણી ઘણી વખત આશ્ચર્ય કરતી હશે, ''હું હવે આગળનો બીજો દિવસ કેવી રીતે જોઈ શકીશ? જો હું બીજે સવારે પથારીમાંથી ઊઠી ન શકું તો મારી સાથે શું થશે?''

એક બીજી બહેને લખ્યું : મને હમણા જ મારા પતિ પાસેથી ખબર મળી છે કે તેમને તેમની અન્નનળીમાં છેલ્લા તબક્કાનું કેન્સર થયું છે. તે મારા માટે એક ધાર્મિક પતિ અને મારા ૧૪ વર્ષના દિકરા માટે એક અદ્દભૂત પિતા છે. પ્રાર્થના કરશો કે હું મજબૂત રહી શકુ ને આ સમય દરમિયાન મારો વિશ્વાસ વધતો રહે.''

એવા ઘણા બીજાઓ, જેમણે અમારા પર લખ્યું છે, તેમ આ ગરીબ સ્ત્રી આ કદાવર સમસ્યાનો દરરોજ સામનો કરવા માટેના સામર્થ્યને માટે પોકારી રહી છે.

મારા જીવનભરના સમય દરમિયાન, મેં ખ્રિસ્તીઓ મધ્યે આવી સમસ્યાઓ, દુ:ખો અને પીડાઓ વિશે ક્યારેય સાંભળ્યું નથી – લગ્નનાં સંઘર્ષો, નાણાકીય મુશ્કેલીઓ, શારીરીક કસોટીઓ, કદી પૂરા ન થતા ઘેરા શોક. લોકો પૂછી રહ્યા છે, ''હું કેવી રીતે જીવી શકીશ? આ સઘળા શત્રુઓ મારા કરતા બળવાન છે, હું નબળો, અસહાય, તેમાં કંઈ પણ કરી શકવા અસમર્થ છું – હે પ્રભુ, હું ક્યારેય આમાંથી કેવી રીતે બહાર આવી શકીશ?''

સત્ય એ છે કે, આ ભયાનક બાબતોએ ઈશ્વરને નવાઈ પમાડી નથી. તેમણે દરેક ભયાનક બાબત માટે આગાહી કરી છે, જે ક્યારેય માનવજાત સાથે થવાની હતી, દરેક કટોકટી અને સમસ્યા આપણે જેનો આજે સામનો કરીએ છીએ, તેની સાથે અને બાઈબલ આપણને કહે છે, ઈશ્વર આપણને બતાવવા માગે છે કે આપણે તે સર્વનો કેવી રીતે સામનો કરવો.

યહોવા પ્રભુએ મૂસાને આશાના બે શબ્દો કહ્યા હતા જે આજે આપણા માટે પણ લાગુ પડે છે. જો આપણે તેઓ સૂચના આપે તેમ જ કરીશું, તો આપણે આપણી કસોટીઓમાંથી જ બહાર આવીશું નહિ, પણ આપણે જોઈ શકીશું કે યહોવા પ્રભુ તેમના વચનો પરિપૂર્ણ કરવા આપણી સાથે વિશ્વાસુ પણ છે :

**૧. ઈશ્વર આપણને આપણા કોઈ પણ શત્રુઓની ન બીવાની આજ્ઞા આપે છે!**

**''...તું તેઓથી બીહીશ નહિ...''** પૂનર્નિયમ ૭:૧૮. ઈસ્રાએલ માટે ''તેઓથી'' પ્રતિનિધિત્વ કરે છે, હથિયારબંધ, મૂર્તિપૂજક પ્રજાઓ, જેનો તેમણે વચનના દેશમાં સામનો કર્યો હતો. આજે આપણા માટે, ''તેઓથી'' પ્રતિનિધિત્વ કરે છે, દરેક સમસ્યા, મુશ્કેલી અને વધારે પડતી તકલીફો, જેનો આપણે જીવનમાં સામનો કરીએ છીએ.

તમે પૂછશો કે શા માટે આપણે બીવું ન જોઈએ? ઈશ્વર એમ કહે છે! કોઈ બીજી સ્પષ્ટતાની જરૂર નથી. ઈશ્વર સર્વ સામર્થ્યવાન, સર્વ પૂરુ પાડનારા ઈશ્વર છે – અને આપણે જે શેતાનિક ગઢોનો સામનો કરીએ છીએ, તેનાથી માહિતગાર છે. તેઓ દરેક ફાંદા, કસોટી અને પ્રલોભનને જાણે છે, જે આપણા પર ક્યારેય નાખવામાં આવશે અને તેઓ આપણને આજ્ઞા આપે છે, ''તમારે તેઓથી બીવું નહિ!''

ઈશ્વરે આ આજ્ઞા ઈબ્રામને આપી હતી. અહિં એક માણસ હતો જે અજાણ્યા દેશમાં રહેતો હતો, જેની આસપાસ બળવાન રાજાઓ રહેતા હતા, તેમ જ તે જાણતો ન હતો કે તેનું શું થશે. તો પણ ઈશ્વરનું પ્રથમ વચન તેને માટે હતું, **''ઈબ્રામ, તું બી મા; હું તારી ઢાલ તથા તારું મહા પ્રતિદાન છું.''** ઉત્પતિ ૧૫:૧.

આ છેલ્લા વાક્યપ્રયોગનો અર્થ છે, ''હું તારી આસપાસ કોટ બનીને રહીશ, તારું રક્ષણ કરનાર, તારો બચાવનાર. સારાંશ એ છે કે ઈશ્વર ઈબ્રામને કહી રહ્યા હતા, ''તું મુશ્કેલીનો સામનો કરશે. પણ તે સર્વમાંથી હું તારું રક્ષણ કરીશ.'' ઈબ્રામે તેને ઈશ્વરનું જે વચન મળ્યું હતુ, તેના પર વિશ્વાસ રાખ્યો હતો, **''... તેણે યહોવા પર વિશ્વાસ કર્યો અને તે તેણે ન્યાયીપણાને અર્થે તેના લાભમાં ગણ્યું.''** ઉત્પતિ ૧૫:૬

આજ વચન ઈબ્રામના દિકરા ઈસહાક પાસે આવ્યું હતું. તે પણ પ્રતિકુળ પરિસ્થિતિ વચ્ચે રહેતો હતો, જેની આસપાસ પલિસ્તીઓ રહેતા હતા, જેઓ તેની અદેખાઈ કરતા હતા, અને ઈચ્છતા હતા કે તે તેમના દેશમાંથી જતો રહે. શાસ્ત્ર કહે છે કે, દરેક વખતે ઈસહાક પાણી માટે કૂવો ખોદતો, **''ત્યારે પલિસ્તીઓ તેને પાછા પૂરી નાખતા હતા... તે પલિસ્તીઓએ**

(આગળ પાન ૬ પર...)


नहेम्याह बाइबल कॉलेज
रेसिडेन्शल कॉलेज, चेन्नई।

माध्यम: हिन्दी

सदस्यता के लिए पंजीकृत उम्मीदवार - ATA

सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 54 वर्षों से सेवारत वरिष्ठ पासवान

Diploma in Ministry : One year
Diploma in Theology : Two years
Bachelor of Theology : Three years

योग्यता 10 वी या अधिक
जल्दी करें!

Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org
✶ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ✶

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩ થી ૧૮ ઓક્ટોબર ૨૦૨૩ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ સપ્ટેમ્બર :** **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજના ૫૫મા વાર્ષિક ઉજવણીને આશીર્વાદિત કરવા માટે.

**૨૦ સપ્ટેમ્બર :** અમને અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહાર મિશન વિસ્તારોમાં મોકલવામાં સહાય કરવા માટે.

**૨૧ સપ્ટેમ્બર :** અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયાને માટે.

**૨૨ સપ્ટેમ્બર :** અમારા **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજના કર્મચારીઓને ને તેમના કુટુંબોને સુરક્ષિત રાખવા માટે.

**૨૩ સપ્ટેમ્બર :** અમારા **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ મીડિયા મિનિસ્ટ્રીના પાંચ મિનિટના સંદેશાઓને કારણે સાક્ષીઓના આશીર્વાદ માટે.

**૨૪ સપ્ટેમ્બર :**

**બાઈબલ કોલેજ** અને **બાઈબલના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પરના તેમના આશીર્વાદોને માટે.

**૨૫ સપ્ટેમ્બર :** અમારા **ઈકો ઓફ હીજ કોલ** સામયિકો માટે

સહાય કરવા માટે.

**૨૬ સપ્ટેમ્બર :** મિશન કાર્યકરો તરફથી મોટી પ્રતિબધ્ધતા માટે.

**૨૭ સપ્ટેમ્બર :** અમારા સુવાર્તા છાપખાના માટે અને પ્રતિબધ્ધ કાર્યકરો સાથેના સતતની કાર્યશીલતા માટે.

**૨૮ સપ્ટેમ્બર :** અમારા નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજો** માટે નવા વિદ્યાર્થીઓ પૂરા પાડ્યા તે માટે.

**૨૯ સપ્ટેમ્બર :** અમારા **બાઈબલકોર પત્રવ્યવહાર અભ્યાસક્રમ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમની** વૃદ્ધિને માટે.

**૩૦ સપ્ટેમ્બર :** અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ** વેલાચેરી માટે અમને મેટ્રો વોટર અને સેવેજ જોડાણ મેળવી આપવામાં સહાય કરી તે માટે

**૦૧ ઓક્ટોબર:** અમારી મિનિસ્ટ્રીને સમર્પિત સહાયક સંપાદકો પૂરા પાડવાના આશીર્વાદો માટે, જેઓ **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીને સહાયતા કરી રહ્યા છે.

**૦૨ ઓક્ટોબર:** અમારા મુખ્ય ચર્ચમાં અને શાખ ચર્ચોમાં રવિવારની ભક્તિસભાઓમાંના વચનના સામર્થ્યને માટે.

**૦૩ ઓક્ટોબર:** વડિલ પાળક અને તેમની બહુવિધ મિનિસ્ટ્રી મારફત સુવાર્તાના પ્રચારની પ્રતિબધ્ધતા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ ઓક્ટોબર:** ભારતના વણખેડાયેલા વિસ્તારોમાં અમને પહોંચવામાં સહાય કરવા માટે.

**૦૫ ઓક્ટોબર:** અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

**૦૬ ઓક્ટોબર:** અમારા કાર્યાલય કર્મચારીઓની અને છાપખાનાના કર્મચારીઓની સારી તંદુરસ્તી માટે.

**૦૭ ઓક્ટોબર:** અમારા સાંધ્ય અને નિવાસી **નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓના રક્ષણ માટે.

**૦૮ ઓક્ટોબર:** આ મહિનાની અમારી જરૂરીયાતોને ઈશ્વર પૂરી કરે તે માટે.

**૦૯ ઓક્ટોબર:** અમારા મિનિસ્ટ્રીયલ વિસ્તારણ માટે અને સુવાર્તાના દુનિયાભરમાં પ્રચાર માટે.

**૧૦ ઓક્ટોબર:** અમારા વડિલ પાળકને તેમની આત્મકથા લખવામાં સફળતા આપવા માટ.

**૧૧ ઓક્ટોબર:** દુનિયાભરમાં સર્વત્ર શાંતિ બની રહે તે માટે.

**૧૨ ઓક્ટોબર:** દુનિયાભરમાંના મિશનરી કાર્યકરો પર દૈવી રક્ષણ બની રહે તે માટે.

**૧૩ ઓક્ટોબર:** મણીપૂર રાજ્ય પર તેમની દયા અને કૃપા રેડાતી રહે તે માટે.

**૧૪ ઓક્ટોબર:** અમરા અંગ્રેજી સહસંપાદક ડો. રીચાર્ડ સેમ્યુએલ અને અમરા મરાઠી સહસંપાદક રેવ. શશી તિવારીના પત્નિ શ્રીમતી સુવાર્તાની ઝડપી સાજાપણા માટે.

**૧૫ ઓક્ટોબર:** દુનિયાના જુદા જુદા માગોમંની અર્થિક મંદીનો અંત આવે તે માટે.

**૧૬ ઓક્ટોબર:** દુનિયાભરમાં કુદરતી આફતોથી સર્વ લોકોને દૈવી રક્ષણ મળે તે માટે.

**૧૭ ઓક્ટોબર:** ઈશ્વરની બીક રાખનારા આગેવાનો સાથે ઈશ્વર સર્વ દેશોને આશીર્વાદિત કરે તે માટે.

**૧૮ ઓક્ટોબર:** પછાત લોકોના આર્થિક ઉત્થાન માટે.

(પાન ૪ પરથી આગળ...)

**મારીથી પૂરી નાખ્યા હતા.''** ઉત્પતિ ૨૬:૧૫.

ઈસહાક જ્યાં પણ ગયો, તેને આ જ મુશ્કેલી થઈ હતી. તેણે એક ફૂવાનું નામ ''એસેક'' પાડ્યું હતુ, જેનો અર્થ થાય છે, ''લડવું''. દેખીતી રીતે, ઈસહાકને કંઈ થયું ન હતુ પણ ત્યાં તેના જીવનમાં ''તકરાર'' ''વિવાદ'' થયો હતો. તેણે ચોક્કસ વિચાર્યુ હો કે, હું મારા કુટુંબનું કેવી રીતે પોષણ કરીશ અને મારા ટોળાને કેવી રીતે પાણી પીવડાવીશ? અને હું મારા છોકરાઓને બીક વગર, કેવી રીતે ઉછેરીશ, જ્યારે પલિસ્તીઓ કોઈ પણ સમયે અમને લૂંટી લેશે? હે ઈશ્વર, તમે અહિ કેમ રોપ્યો છે? હું 'કેવી રીતે જીવીશ?'

જ્યારે આ શંકાનું વાદળ ઈસહાક પર છવાયું હતું , ત્યારે ઈશ્વરે તેને એ જ વચન આપ્યુ હતું, જે તેમણે ઈબ્રાહિમને આપ્યું હતું, **''...હું તારા બાપ ઈબ્રાહિમનો દેવ છું; બી મા, કેમ કે હુ તારી સાથે છું, ને મારા સેવક ઈબ્રાહિમને લીધે હું તને આશીર્વાદ દઈશ, ને તારા સંતાન વધારીશ.''** ઉત્પતિ ૨૬:૨૪.

આજે, ઈસહાકની જેમ, આપણે ઈબ્રાહિમના સંતાનો છીએ અને ઈશ્વર તે જ વચનની ખાતરી આપણને પણ આપે છે, જે તેમણે ઈબ્રાહિમને અને તેના સંતાનને આપી હતી, **''અને જો, તમે ખ્રિસ્તનાં છો, તો તમો ઈબ્રાહિમના સંતાન, અને વચન પ્રમાણે વારસ પણ છો.''** ગલાતીઓને પત્ર ૩:૨૯. આપણે એ જ ઈશ્વરની સેવા કરીએ છીએ, જેઓ ઈબ્રાહિમની ઢાલ હતા. અને તેઓ સર્વશક્તિમાન તરીકે આપણી સાથે છે!

આપણા સ્વર્ગીય પિતા આપણા જીવનોના દરેક પગલા તરફ જુએ છે અને આપણી સર્વ કટોકટીઓ અને મુશ્કેલીઓ છતાં, તેઓ આપણને શાસ્ત્રમાં ફરી ફરીને આજ્ઞા આપે છે, ''બીશ મા!'' આપણે એવું માનવું ન જોઈએ કે આપણી મુશ્કેલીઓ આપણને નીચે નાખી દેશે અને આપણો નાશ કરશે, કારણ કે આપણે જાણવું જોઈએ કે તેઓ આપણી ઢાલ છે.

**''હે ઈસ્રાએલ, તને ધન્ય છે; યહોવા જે તારી સાહ્યની ઢાલ તથા તારી ઉત્તમતાની તરવાર, તેનાથી તારણ પામેલી તારા જેવી પ્રજા બીજી કઈ છે? અને તારા શત્રુઓ તારે તાબે થશે; અને તું તેઓનાં ઉચ્ચસ્થાનો ખૂંદી નાખશે.''** પૂનર્નિયમ ૩૩:૨૯. ઈશ્વર આપણને કહી રહ્યા છે, ''તે જૂઠું છે કે મેં તમને તજી દીધા છે, તે જૂઠું છે કે હું તમારી પ્રત્યે ધ્યાન આપતો નથી અને તમને તમારા શત્રુઓ સામે લડવા તમને તમારા પર છોડી દીધા છે. તે સઘળા શેતાનનાં જૂઠાંણાં છે!''

**હું સર્વ ખ્રિસ્તીઓને સંબોધવા માગું છું જેઓ આક્રમણકારી પાપ સાથે સંઘર્ષ કરે છે!**

શું તમે આક્રમણકારી વાસના કે આદતને કારણે દરરોજ દુઃખમાં ઊઠો છો? શું તમે એ યાતનામાં જીવો છો, એમ વિચારીને કે, ''આ ભયાનક વસ્તુ મારી સાથે હજી પણ જીવંત છે?''

તમારા હૃદયમાં રહી ગયેલા પાપ વિશે ઈશ્વર સઘળું જાણે છે. અને તેઓ જાણે છે કે તમે તેને કેટલું ધિક્કારો છો અને તેને માટે રડો છો. હવે તેઓ ઈચ્છે છે કે તમે આ વચન સાંભળો, ''બીશો મા, હુ તમારી ઢાલ છું; તમારો રક્ષણકર્તા સર્વ શત્રુઓ સામે તમારી પવિત્રતાની તરવાર છું. હું તમારા માટે લાલચમાંથી બહાર નીકળવાનો માર્ગ જાણું છું. અને હું તમને લડાઈ લડવા માટે શીખવીશ!''

દાઉદ આ જાણતો હતો. તેથી તે કહી શક્યો હતો, **''...હું કંઈ પણ ભૂડાઈથી બીશ નહિ...''** ગીતશાસ્ત્ર ૨૩:૪. તેને સમજાયું હતું કે તે જો બી જશે, તો શેતાન વિજય મેળવશે.

વહાલાઓ, તે રીતે શત્રુ તમારી વિરૂધ્ધ કામ કરે છે. તે ઈચ્છે છે કે તમે તમારા પાપથી બીહો/તમે બીક રાખો કે તમે ક્યારેય છૂટકારો પામશો નહિ, ક્યારેય મુક્ત થશો નહિ. પણ ઈશ્વર સર્વ શોક કરનારાઓને, દુઃખી સંતોને કહે છે, ''બીહો મા! હું તમારા બધા દુઃખો જોઉં છું અને જાણું છું. હું શેતાનને તમારો નાશ કરવાની મંજૂરી આપીશ નહિ!''

તમે કદાચ પૂછો, ''પણ મારે શું કરવું જોઈએ? આ સર્વમાં મને પ્રભુની શાંતિ અને આરામ કેવી રીતે મળી શકે?''

જવાબ મૂસાને અને ઈસ્રાએલને આપેલા ઈશ્વરનાં વચનમાં જોવા મળે છે. તેમની આગળ સમુદ્ર હતો અને પાછળ શત્રુ હતો,


## નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

**માધ્યમ : તામિલ**

ATA
NEHEMIAH BIBLE COLLEGE
CHENNAI
Regd. Candidate for Membership
ECHO OF HIS CALL ★ Estd. 1969

**સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર - ATA**
**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

| | | |
|---|---|---|
| Diploma in Ministry | : | One year |
| Diploma in Theology | : | Two years |
| Bachelor of Theology | : | Three years |

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**

**મહેરબાની કરીને સંપર્ક કરો**

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

અને નાસવાનો કોઈ માર્ગ હતો નહિ, ત્યારે ઈશ્વરે તેમને આજ્ઞા આપી હતી : "... **બીહો મા, ઊભા રહો, ને યહોવા આજે તમારે માટે જે બચાવ કરશે તે જુઓ; કેમ કે જે મિસરીઓને આજે તમે જુઓ છો, તેઓને તમે ફરી કદી દેખશો નહિ. યહોવા તમારે માટે યૂદ્ધ કરશે ને તમારે શાંત રહેવું.**" નિર્ગમન ૧૪:૧૩,૧૪.

આ છેલ્લા વાક્યરચનાઓ અર્થ શું છે? "તમારે શાંત રહેવું." તેનો અર્થ છે કોઈ વધુ ચિંતા કરવી નહિ, હવે તમે બધુ કંઈ કરવાનો પ્રયાસ કરશો નહીં અને તેને બદલે તમારા માટે માર્ગ કરવા માટે ઈશ્વર પર ભરોસો રાખો. તેજ છે જ્યારે તેઓ તમને દોરવણી માટેનું તેમનું વચન આપે છે, જેમ તેમણે ઈસ્રાએલને આપ્યું હતું; **...તેઓ આગળ ચાલે.**" નિર્ગમન ૧૪:૧૫.

યહોશુઆએ પણ મુશ્કેલ શત્રુઓનો સામનો ર્ક્યો હતો. તેણે અને તેના માણસોએ આખી રાત ચાલીને ગિબયોન સુધી કૂચ કરવી પડી હતી, જ્યાં તેમણે વિશાળ સૈન્ય સાથેના પાંચ રાજાઓના સંયૂક્ત જૂથનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે યહોશુઆ લડાઈના મેદાન તરફ જોયું, ત્યારે તેણે જોયું કે તે ખીણ મોટા રથો અન તાલિમ પામેલા સૈનિકો સાથે ભરાઈ ગઈ હતી. તેની પાસે ફક્ત થાકેલા અને બિન કુશળ માણસોનું જૂથ હતું.

તે ક્ષણે, એક નિરાશાનું વાદળ યહોશુઆ પર ચોક્કસ ઘેરાયેલું હશે. તેણે કદાચ વિચાર્યુ હશે, "હે યહોવા પ્રભુ, અમે માંડ માંડ અહીં સુધી આવ્યા છીએ, અને હવે અમારે આ મજબૂત શત્રુની સામે લડવાનું છે. કૃપા કરીને મને કહો, અમે શું કરીશું?"

શાસ્ત્ર કહે છે; "**...અને યહોવાએ યહોશુઆને કહ્યું, તેઓથી બીશ મા; કેમ કે મેં તેઓને તારા હાથમાં સોંપ્યા છે; તેઓમાંનો એકે તારી સામે ટકી શકનાર નથી.**" યહોશુઆ ૧૦.૮

યહોશુઆ લડાઈમાં જાય તે પહેલા જ ઈશ્વરે વિજય જાહેર કરી દીધો હતો. તેમણે કહ્યું, "વિજય પહેલેથી જ થઈ ગયો છે. લડાઈ પછી આ શત્રુનો એક પણ સૈનિક બચવા પામશે નહિ. હવે જા, અને લડ, એ જાણીને કે, મેં તને વિજયનું વચન આપ્યું છે!"

આ વધસ્તંભનો સંદેશો છે! આપણા માટે પહેલેથી જ વિજય મેળવવામાં આવ્યો છે. કોઈ પણ કટોકટીનો આપણે સામનો કરીએ, કોઈ પણ શક્તિશાળી મુશ્કેલીઓ આપણી સામે ઊભી હોય, આપણો વિજય નિશ્ચિત છે. "**...તેને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ.**" રોમનોને પત્ર ૮.૩૭.

શું આનો અર્થ એ છે કે આપણે કશું કરવાનું નથી – એટલે કે આપણે ફક્ત ઊભા રહેવાનું છે અને અપેક્ષા રાખવાની છે કે ઈશ્વર એક દૂતને આપણા સર્વ શત્રુઓને કાપી નાખવા મોકલશે? ના ક્યારેય નહિ! જો કે ઈશ્વરે આપણા વિજયની જાહેરાત કરી છે, તેઓ આપણા ભાગનું કામ કરશે નહિ. "**... સર્વ ઉપરાંત વિશ્વાસની ઢાલ ધારણ કરો, જેથી તમે દુષ્ટના બળતા ભાલાઓ હોલવી શકશો. વળી, તારણનો ટોપ પહેરો તથા આત્માની તરવાર, જે દેવનું વચન છે, તે લો.**" એફેસીઓને પત્ર ૬:૧૬,૧૭.

આપણે હજુ પણ શત્રુ સાથે લડવા તરવાર ઉઠાવવી પડશે. ફરક એ છે કે, આપણે તે વિશ્વાસ રાખીને કરવાનું છે કે ઈશ્વરે આપણને સામર્થ્યવાન કરવાની ખાતરી આપી છે. "**...પણ દેવ જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તદ્વારા આપણને જય આપે છે, તેને ધન્યવાદ હો.**" ૧ કરિંથીઓને પત્ર ૧૫:૫૭.

પવિત્ર આત્મા આપણા વિશ્વાસને પ્રતિસાદ આપે છે. જ્યારે આપણે તેને હાંક મારીએ છીએ, તેઓ આપણા પર અલૌકીક સામર્થ્ય સાથે આવે છે, દેહના કાર્યોને મારી નાખવા માટે. આપણો ભાગ છે વિશ્વાસનો અને તે વિશ્વાસમાં ચાલવાનું છે કે ઈશ્વરનો પવિત્ર આત્મા આપણી સામે આવતી દુષ્ટતાની શક્તિનો પ્રતિકાર કરશે.

### ૨. ઈશ્વરની આજ્ઞા છે કે આપણે યાદ રાખવું જોઈએ કે તેમણે ભૂતકાળમાં આપણા સર્વ શત્રુઓને કેવી રીતે હરાવ્યા હતા!

મૂસાએ ઈસ્રાએલ લોકોને સૂચના આપી હતી, "... **તું તેઓથી બીહીશ મા; યહોવા તારા દેવે ફારૂન પર તથા આખા મિસર પર જે વિતાડ્યું તે તારે સારી પેઠે યાદ રાખવું, એટલે જે મોટાં પરીક્ષણો તેં તારી નજરે જોયાં તે, તથા ચિહ્નો તથા ચમત્કારો તથા પરાક્રમી હાથ, તથા લંબાવેલો ભુજ કે જેઓ વડે યહોવા તારો દેવ તને કાઢી લાવ્યો તે યાદ રાખવા; જે બધી પ્રજાઓથી તું બીહે છે, તેઓને યહોવા તરો દેવ એ જ પ્રમાણે કરશે.**" પૂનર્નિયમ ૭:૧૮, ૧૯.

કેવો સામર્થ્યવાન સંદેશો! મૂસા ઈસ્રાએલ લોકોને યાદ અપાવી રહ્યો હતો, "ભલે તમે ગમે તે શત્રુઓનો સામનો કરો, ઈશ્વરે તમને તેમના પર વિજયના વચનની ખાતરી આપી છે. તેમણે તમારા પિતૃઓને ફારૂનના હાથમાંથી છોડાવ્યા હતા, અને તેઓ આજે પણ તેમજ કરશે!"

"**... તું મિસર દેશમાંથી નીકળ્યો તે દિવસ તારા આખા આયુષ્યભર તને યાદ રહે.**" પૂનર્નિયમ ૧૬:૩. "**...યાદ રાખ કે તું પણ મિસરમાં દાસ હતો; અને તું**


## ઈકો ઓફ હીઝ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.



## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

## લાંબી દાઢીવાળો દેખાવડો માણસ

**અને યહોવાના દૂતે તેને દર્શન દઈને કહ્યું, પરાક્રમી શૂરવીર, યહોવા તારી સાથે છે.**

(ન્યાયાધીશો ૬:૧૨)

## HANDSOME MAN WITH LONG BEARD!

મેં મારા ભાડાનાં ઘરની શ્રેષ્ઠ ભાગ ધરાવતી જગ્યા અમારા નવા ચર્ચ માટે ફાળવી હતી જે ચેન્નાઈમાં (મદ્રાસ) અકબર સાહીબ ગલીમાં આવ્યું છે. અમારા બધા પાડોશી મુસ્લીમ ભાઈઓ હતા જેઓને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા ગમતી ન હતી. પણ ઈશ્વરે મને તેમનું કામ એજ વિસ્તારમાં કરવાની પ્રેરણા આપી !

મારી બધી ધર્મપ્રચારની પ્રવૃત્તિઓ સાથે તેજ પ્રમાણે મારા વ્યક્તિગત ધર્મપ્રચાર સાથે મે દર રવિવારે સવારે નવ વાગ્યે ચર્ચ ભજનસેવા શરૂ કરી. તે ભજનસેવામાં મારી ટેવ હતી કે મારા સંગીત સાધન એકોર્ડીઅન સાથે ગાઈને ઈશ્વરનું ભજન કરવાનું, એમ સમજીને કે જાણે બહુ સંખ્યામાં મારી આગળ લોકો છે. તે વિસ્તારના લોકો તેજ પ્રમાણે સામાન્ય જનતા આ અવાજથી કંઈ ખુશ ન હતી. તેથી શરૂઆતના થોડા વર્ષોમાં હાજરી ખુબજ ઓછી નહિ જેવી હતી.

૧૯૮૪નાં એક ખાસ રવિવારની સવારે, મેં ચર્ચની ભજનસેવા માટે જગ્યા તૈયાર કરી અને ચર્ચની ભજનસેવાની દરેક વ્યવસ્થા કરી અને ચર્ચ ભજનસેવા શરૂ કરવાની બધી વ્યવસ્થા કરી. મેં ઉત્સાહથી પ્રાર્થના કરી અને ઈશ્વરની ઉપર આધાર રાખ્યો કે થોડા ઘણાં આત્માઓ ભજનસેવા માટે આવે. તે ખાસ દિવસે કોઈ આવ્યુ નહિ અને તેથી મેં મારા આત્મામાં ખિન્નતા અનુભવી અને શારીરિક રીતે પણ થાકી ગયો. તેથી હું મારા ઘરનાં બીજા ઓરડામાં ગયો અને ભંગીત હૃદય સાથે આડો પડ્યો.

તે સમયે, મને દર્શન થયું. એક વૃધ્ધ અને દેખાવડો લાંબી દાઢીવાળો માણસ મુખ્ય દરવાજા વાટે ચર્ચના ઓરડામાં પ્રવેશ્યો, સારી એવી સંખ્યામાં કેટલાક લોકો તેમની પાછળ દોરાયા. પણ તેમના ચહેરાઓ સ્પષ્ટરીતે દખાતા ન હતા. તેમણે, લોકો સાથે, લાઈટ અને પંખા ચાલુ કર્યા અને ઘુંટણીએ પડીને પ્રાર્થના શરૂ કરી અને જીવતા ઈશ્વરનું ભજન કરવા લાગ્યા. કેમ કે અવાજ ખુબ જ મોટો હતો, હું નીચે સુઈ શક્યો નહિ. તેથી હું ઉભો થયો અને તે ઓરડામાં આદર અને ગભરાટ સાથે પ્રવેશ્યો. પણ ત્યાં કોઈ ન હતું. તે માણસ અને લોકો તે ઓરડામાંથી અચાનક ગાયબ થઈ ગયા.

થોડી મિનિટો બાદ, પ્રભુના સેવક રેવ. ડો. બેવીન લોરેન્સ અને તેમનાં પતિ શ્રીમતી સેરેના બેવીન તેમના નવા જન્મેલા બાળક સાથે ચર્ચમાં પ્રવેશ્યા. તેમણે કહ્યું કે તેઓ પવિત્રઆત્માની પ્રેરણાથી આ ચર્ચની મુલાકાત કરવા તે દિવસે આવ્યા હતા. ફરીથી થોડી મિનિટો પછી થોડા વધારે નવા લોકો પણ આવ્યા અને ભજનસેવામાં હાજરી આપી. અને ત્યાર પછી ઈશ્વરે અમારા ચર્ચને વધારે ને વધારે આશીર્વાદ આપવાનું શરૂ કર્યુ.

આપણા ઈશ્વર દરેક સમયે સારાં છે. તેઓ કોઈ પણ વ્યક્તિના જીવનમાં કોઈ પણ સમયે કોઈ પણ રીતે ચમત્કાર કરી શકે છે. તમે પણ તમારા પોતાના જીવનમાં આજે તેમના દિવ્ય હસ્તક્ષેપ માટે તેમના પર ભરોસો રાખી શકો છે.

*******

---

**આ વિધિઓ પાળ તથા તેમને અમલમાં આણ..."** પૂનર્નિયમ ૧૬:૧૨.

મૂસાનો લોકો સામે પોકાર હતો, "ભૂતકાળને યાદ કરો! જો તમે વિચારો છો કે આ અરણ્યમાં તમે મૂશ્કેલ સમયમાં છો, જે ભયંકર બાબતોનો તમે મિસરમાં સામનો કર્યો હતો, તેનો વિચાર કરો. ભૂલો નહિ કે જ્યારે તમે ગુલામો હતા ત્યારે જીવન કેવું હતું અને ઈશ્વરે તમને છોડાવવા જે બધુ કર્યુ તે યાદ કરો – તમને બચાવવા અને તે સર્વથી તમને પવિત્ર કરવા!"

યશાયા પ્રબોધકે પણ એ લોકોને ઈશ્વરનું વચન સંભળાવ્યું હતું, જેઓ ભયમાં હતા. તે એ સમય હતો, જ્યારે ઈસ્રાએલને ખાતરી થઈ હતી કે ઈશ્વરે તેમને તજી દીધા છે. તેઓ ભયમાં થરથરતા હતા કે તેમના શત્રુઓ તેમની સાથે કદાચ શું કરશે. પણ યશાયાએ તેમને ખાતરી આપી હતી.

**"જે તમને દિલાસો દે છે, તે હું, હું જ છું; તું કોણ છે કે, મરનાર માણસથી, અને માનવી જે ઘાસના જેવો થઈ જશે તેથી તું બી જાય છે? પણ તારા કર્તા, આકાશોને પ્રસારનાર, તથા પૃથ્વીનો પાયો નાખનાર યહોવાને તું વીસરી ગયો છે; જુલમગાર વિનાશ કરવાને તૈયારી કરે છે ત્યારે તું આખો દિવસ સતત તેના ક્રોધને લીધે બીએ છે? વળી, જુલમીનો ક્રોધ ક્યાં છે?"** યશાયા ૫૧:૧૨-૧૩.

ઈશ્વરે પ્રબોધક મારફત કહ્યું છેઃ "તમે બીહો છો તેનું કારણ છે કે તમે મને ભૂલી ગયા છો. તમે મારા પરાક્રમને અને તમને છોડાવવાના મારા સામર્થ્યને બદલે ફક્ત તમારી મુશ્કેલીઓ તરફ જુઓ છો. તમે ભુલી ગયા છો કે મારો હાથ હજુ પણ તમારા જીવન પર છે!"

તમારા જીવનમાં ઈશ્વરના ચમત્કારને યાદ કરતા તમે કદાચ તમારી મુશ્કેલી તરફ જોશો. તમે કદાચ વિચારો, "મારું જીવન એક લાંબુ, મુશ્કેલભર્યુ દુઃખસ્વપ્નું છે. મારે વધુ આનંદ કરવા જેવું કંઈ નથી. હું કેવી રીતે ઈશ્વરના ચમત્કારને યાદ કરી શકું, જ્યારે મેં તેમનો અનુભવ કર્યો નથી?"

તમારે ચેક્કસ સમજવું જોઈએ કે આપણા અનુભવો આપણા વિશ્વાસને પ્રોત્સાહિત કરી શકે છે. પણ તે આપણા વિશ્વાસના પાયાને માટે નથી. તેથી જ ઈશ્વરનું વચન હમેશાં આપણને ઈસુ ખ્રિસ્તે જે કર્યુ તે તરફ નિર્દેશ કરે છે. આપણે તેમના વધસ્તંભ પરના વિજયને યાદ કરવાની જરૂર છે અને તેને વિશ્વાસ સાથે વળગી રહેવાની. તેઓ એકલા જ તેમના આત્મા વડે આપણને વિજય આપવા સશક્ત કરે છે.

**ઈસુ ખ્રિસ્તે કહ્યું, "હું મારા પિતા પાસે પાછો જાઉં છું, પણ હું તમને અનાથ નહિ મૂકીશ."**

**ઈસુ ખ્રિસ્તે તેમના શિષ્યોને કહ્યું, "... હવે હું મારા મોકલનારની પાસે જાઉં છું..."** યોહાન ૧૬:૫. **"...હું તમને અનાથ નહિ મુકીશ..."** યોહાન ૧૪:૧૮. "અનાથ" માટે ગ્રીક શબ્દનો અહીં અર્થ છે, નિરાધાર, પિતૃહીન.

કોઈક વખતે તમને લાગે કે, જેમ શિષ્યોએ કર્યુ હતું, કે તમે એકલા છે અને ઈશ્વર તમારા માટે કોઈ જ કામ કરી નથી રહ્યા. તમે તેમની કાળજીનો કોઈ પૂરાવો જોઈ શકતા નથી. અને શેતાન તમને જૂઠું કહે છે કે ઈશ્વરના આત્માએ તમને આ સમયે છોડી દીધા છે અન તેઓ તમને તમારા ઘડપણમાં છોડી દેશે.

પણ ત્યાં એક અકલ્પનીય ચમત્કાર છે જેને તમે ભૂલી શકતા નથી. તે તો ઈસુ ખ્રિસ્તના વચનની ખાતરી છે તેમના સર્વ અનુયાયીઓ માટે, "હું તમને અનાથ નહિ મૂકીશ! મેં તમારા માટે કિંમત ચૂકવી છે!! તમે મારા છો!!!"

ભલે તમે કશામાંથી પણ પસાર થતા હો, તોપણ તમારા આકાશમાંના પિતાએ તમને ક્યારેય પણ છોડી દેવાનો વિચાર એક પણ વાર કર્યો નથી અને તેઓ ક્યારેય તેમ કરશે નહિ. તેમના શાશ્વત, અતૂટ વચન સાંભળો.

**"... સિયોને કહ્યું કે, યહોવાએ મને તજી દીધી છે, પ્રભુ મને વીસરી ગયો છે. શું, સ્ત્રી પોતાના પેટના દીકરા પર દયા ન કરે, એવી રીતે કે તે પોતાના ધાવણા બાળકને વીસરી જાય? હા, કદાચ તેઓ વીસરે, પરંતુ હું તને વીસરીશ નહિ. જો, મેં તને હથેલી પર કોતરી છે; તારા કોટ નિત્ય મારી સંમુખ છે."** યશાયા ૪૯:૧૪-૧૬.

આ ફકરો કહે છે કે, "તમારા રક્ષણ માટેની જરૂરીયાત હમેશાં મારી નજર સામે છે! તમારી આસપાસ મારી અલૌકિક દિવાલોને સુરક્ષિત રાખવા વિશે હું બેફિકર હોઉ એવી કોઈ ક્ષણ ક્યારેય નથી!! મારી રક્ષણાત્મક વાડ હમેશાં ત્યાં છે!!!"

હું કેટલીક માતાઓને જાણું છું – જેમાં પાળકોની પત્નીઓ પણ છે – જેમણે તેમના બાળકોને છોડી દીધા છે. થોડાક જ અઠવાડિયા પહેલા એક પાળકે અમારા પર લખ્યું હતુંકે, "હું પચીસ વર્ષોથી પરણેલો છું પણ હાલમાં જ મારી પત્નિએ મને એક પુરૂષને માટે છોડી દીધો છે, જેને તેણી ઈન્ટરનેટ દ્વારા મળી હતી. તેણી અમારા બાળકોને અને મને છોડીને જતી રહી છે. હું હજુ પણ તેણીને પ્રેમ કરું છું અને હું ઈચ્છું છું કે તેણી ઘરે પાછી આવે, પણ તેણી આવશે નહિ. અત્યારે હું ઘણો જ નિરાશ થયો છું કે હું જેથી ઊંચી શકતો નથી. મને ખબર નથી કે હું કેવી રીતે જીવીશ."

ઈશ્વરે આ માણસને જવાબ આપ્યો, "જો કે તારી વહાલી પત્નીએ તને છોડી દીધો હોય – પણ હું તને છોડી દઈશ નહિ. તારી આસપાસની મારી દિવાલો હમેશાં સુરક્ષિત રહેશે."

અમારી મિનિસ્ટ્રીને એવી સ્ત્રીઓ તરફથી ઘણા પત્રો મળે છે, જેણીઓ દસકાઓથી તેણીઓના દારૂડીયા પતિઓ સાથે જીવન ગુજારે છે. જ્યારે મેં તેમની નિરાશા વિશે વાંચ્યું, મેં પૂછ્યું, "હે પ્રભુ, શા માટે આ વિશ્વાસુ સ્ત્રીઓએ કોઈ પણ આશાના ચિન્હ વગર આટલુ બધું સહન કરવું જોઈએ?" હું ક્યારેય સમજી શક્યો નથી કે મારી પત્નિએ શા માટે આટલી બધી શારીરીક તકલીફોમાંથી પસાર થવું પડ્યું હતું. પીડાના ભયાનક ચાલીસ વર્ષોમાં તેણી પર અઠ્યાવીસ શસ્ત્રક્રિયાઓ થઈ છે, જેમાંની છ કેન્સર માટેની હતી – કોઈ પણ સેવક કે ધર્મશાસ્ત્રી ક્યારેય મને સમજાવી શક્યા નથી કે તેણી શા માટે આ રીતે પીડાયા કરે છે.

તેમ છતાં, ભલે આપણાંમાંથી કોઈને તેમાંથી પસાર થવું પડે અને આપણે તેને કેટલા સમય સુધી સહન કરવું પડશે, તે કોઈ પણ મહત્વનું નથી. સર્વથી ઉપર એક બાબત સત્ય છે.

**આ સર્વ બાબતોમાં ધરી રાખવા માટે ઈશ્વરની કૃપા બસ છે!**

પ્રેરિત પાઉલે ઈશ્વરને પોકાર કર્યો હતો કે, "હે પ્રભુ, કૃપા કરીને મને મારા દેહના "કાંટામાંથી છોડાવો!" પણ પ્રભુએ તેને જવાબ આપ્યો હતો, **"...તારે વાસ્તે મારી કૃપા બસ છે..."** ૨ કરિંથીઓને પત્ર ૧૨:૯. ઈશ્વરે તેના સેવકને કહ્યુ હતું, "પાઉલ, તારે આ કાંટા સાથે જીવવું પડશે. પણ તારા દુઃખની વચ્ચે, તને જોઈતી સર્વ કૃપા હું તને આપીશ. મારી પાસે તારા માટે અખંડીત પૂરવઠો છે.

પ્રભુ ઈચ્છે છે કે આપણે જાણીએ કે આપણી પરિસ્થિતિઓમાં તેઓ કોઈ પણ છુટકારો કદાચ લાવે તેના કરતા તેમની કૃપા વધુ સામર્થ્યવાન છે. કેમ? તેમની કૃપામાં તે સાક્ષાત્કાર રહેલો છે કે તેઓ કોણ છે! સરળતાથી મૂકતા, ઈસુ ખ્રિસ્તે સંપૂર્ણપણે ઈશ્વરની કૃપા પ્રગટ કરી હતી-સર્વ પવિત્રતામાં પણ, માયાળુ, દયાળુ હૃદય સાથે.

આપણા આકાશમાંના પિતા, આપણી પીડાઓની દરેક પળોને જુએ છે અને તેમણે આ અદ્ભૂત વચનોની ખાતરીઓ આપણને આપી છે.

**"...પણ યહોવા ન્યાયીઓનું તારણ કરે છે; સંકટની વેળાએ તે તેઓનો કિલ્લો છે."** ગીતશાસ્ત્ર ૩૭:૩૯.

**"કેમ કે તેણે કહ્યુ છે કે, હું તને કદી મૂકી દઈશ નહિ, અને તને તજીશ પણ નહિ. તો આપણે ખાતરીપૂર્વક કહી શકીએ છીએ કે, પ્રભુ મને સહાય કરનાર છે; હું બીહિશ નહિ; માણસ મને શું કરનાર છે?"** હિબ્રૂઓને પત્ર ૧૩:૫,૬.

**"તું બીશ મા, કેમ કે હું તારી સાથે છું; આમતેમ જોઈશ મા, કેમ કે હું તારો દેવ છું; મેં તને બળવાન કર્યો છે; વળી મેં તને સહાય કરી છે; વળી મેં મારા પોતાના ન્યાયના જમણા હાથથી તને પકડી રાખ્યો છે. જેઓ તારા પર ગુસ્સે થયેલા છે, તેઓ સર્વ લજવાશે, ને ફજેત થશે; તારી સાથે લડનારાં નહિ સરખાં થશે ને વિનાશ પામશે. જેઓ તારી સાથે ઝઘડો કરે છે તેઓને તું શોધીશ, પણ તેઓ તને જડશે નહિ; તારી સામે લડનાર માણસ નહિ સરખાં, તથા શૂન્ય જેવાં થશે. કેમ કે હું યહોવા તારો દેવ તારા જમણા હાથને પકડી રાખીને તને કહું છું કે, તું બીશ માં; હું તને સહાય કરીશ.'... "દુઃખી તથા દરિદ્રીઓ પાણી શોધે છે, પણ તે મળતું નથી, તેમની જીભ તરસથી સુકાઈ ગઈ છે; હું યહોવા તેમને ઉત્તર આપીશ, હું ઈસ્રાએલનો દેવ તેમને તજીશ નહિ."** યશાયા ૪૧:૧૦-૧૩. ૧૭.

તમે કોઈ પણ પરિસ્થિતિમાંથી, કટોકટી કે આપતિમાંથી બહાર આવી શકો છો – ફક્ત ઈસુ ખ્રિસ્તની કૃપા વડે. ભલે તમારા માર્ગમાં કંઈ પણ આવે, તેમની પાસે ભરપૂરપણાથી કૃપા છે અને તમને દિલાસો આપવા પવિત્ર આત્મા છે!

**"એ માટે દેવના સમર્થ હાથ નીચે તમે પોતાને નમાવો, કે તે તમને યોગ્ય સમયે ઉચ્ચપદે મૂકે."** ૧ પિતરનો પત્ર ૫:૬.

**"તેથી તમારા વિશ્વાસનો જે મોટો બદલો મળવાનો છે, તેને નાખી ન દો."** હિબ્રૂઓને પત્ર ૧૦:૩૫.

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીઝ કોલ

**યુટ્યુબ**
**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીઝ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીઝ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th SEPTEMBER 2023**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**